खेडा जील्लानी भुगोळनो

प्रश्नोत्तर सार.

रचनार.

શા. ગીરધરલાલ ઝવેરદાસ તથા
શા. ગોકળભાઇ મુળજીભાઇ

छपावी प्रसिद्ध कर्त्ता.

તળશીભાઈ લલ્લુભાઇ પટેલ.

નડિયાદ
સત્યસાગર પ્રેસ.

સંવત ૧૯૪૪—સન ૧૮૮૮

કીમત ૦—૧—૦

૩૩૪૯

ખેડા જીલ્લાની ભૂગોળનો પ્રશ્નોત્તર સાર.

પ્ર૦ દિશાઓ કેટલી છે ને તે કઈ કઈ

ઉ૦ ચાર છે ઊત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ.

પ્ર૦ એ ચાર દિશાનું વર્ણન કરો.

ઉ૦ જેણીગમ સૂર્ય સવારમાં ઊગતો જણાય તેને પૂર્વ; અને જે તરફ સાંજરે સૂર્ય આથમતો જણાય તેને પશ્ચિમ. પૂર્વ દિશા ભણી મોં કરી ઊભા રહીયે તો જમણા હાથ તરફ દક્ષિણ; ને ડાબા હાથ તરફ ઊત્તર દિશા આવે છે. પૂર્વની સામી પશ્ચિમ અને ઊત્તરની સામે દક્ષિણ દિશા છે એમ સમજવું.

પ્ર૦ ખુણા કેટલા અને તે કયા કયા છે અને દરેક ખુણો કઈ કઇ દિશા વચ્ચે આવ્યો તે કહો

ઉ૦ ચાર છે. ઇશાન, અગ્ની, નૈરૂત્ય, વાયવ્ય. પૂર્વ ને ઊતર વચે ઈશાન. પૂર્વ અને દક્ષિણ વચ્ચે અગ્ની, પશ્ચિમ અને ઊત્તર વચ્ચે વાયવ્ય. પશ્ચિમ અને દક્ષિણ વચ્ચે નૈરૂત્ય.

પ્ર૦ સૂર્ય ન દેખાય ત્યારે દિશા શી રીતે જાણવી.

ઉ૦ હોકાયંત્રથી કે ધ્રુવના તારા ઊપરથી એટલે હોકાયંત્રમાં

ધ્રુવના તારા તરફ એટલે ઊતર દક્ષિણ રહે છે તથા ઉ-ત્તર ધ્રુવનો તારો ઊત્તર તરફ અને દક્ષિણ ધ્રુવનો તારો દક્ષિણમાં ઊગે છે.

પ્ર૦ નકશાની દિશાઓ શી રીતે સમજી શકાય?

ઉ૦ નકશા સામુ મોં કરીને ઊભા રહીએ તો માથા તરફની ઊત્તર દિશા. પગ ભણીની દક્ષિણ દિશા જમણા હાથ તરફ પૂર્વ ને ડાબા હાથ તરફ પશ્ચિમ.

પ્ર૦ નકશો એટલે શું.

ઉ૦ ગામ, શહેર, જીલ્લા, પ્રગણાં, દેશ, ખંડ, વગેરેનો આ-કાર પાડેલો હોય તેને

પ્ર૦ ગામ, શહેર, જીલ્લા, પ્રગણાં, કસ્બો એની વ્યાખ્યા આપો.

ઉ૦ ગામ–જેમાં થોડાં ઘર હોય. શેહેર–જેની અંદર મોટાં ઘર ઓળબંધ હોય ને બજાર હોય. જીલ્લા–જેમાં તાલુકા અથવા પ્રગણાં મળીને જે ભાગ થાય તેને (એનો વહીવટ મામલતદાર કરે છે.) કસ્બો–જેમાં ગામડા કર-તાં વધારે ઘરાં હોય તેને.

પ્ર૦ બંદર, નદી, પર્વત, સંસ્થાન, તળાવ, અખાત વિગેરે ની વાખ્યા આપો.

ઉ૦ બંદર–જે શહેર નદી કે દરિઆના કિનારા ઉપર હોય ને જ્યાં વહાણથી વેપાર ચાલતો હોય. નદી–મીઠા પાણીનો રેલો પર્વતમાંથી નીકળી ઢળતી જગ્યામાં થઇને સમુદ્રને મળે છે.

પર્વત–જમીન ઉપર ઊંચા ટેકરા હોય તેને ડુંગર કહે છે એ ડુંગરાઓ વધીને ઘણા ગાઉ સુધી ગએલા હોય તેને પર્વત કહે છે. સંસ્થાન–દેશી રાજાનું મોટું એક રાજ્ય હોય તેને તળાવ–જે પાણીની ચારે બાજુએ જમીન હોય તેને. એથી મોટાને સરોવર કહે છે. અખાત–સમુદ્રનો ફાંટો ઘણા ગાઉ સુધી જમીનપર ગએલો હોય તેને.

પ્ર૦ તાલુકામાં કયા કયા અમલદારો હોય છે અને તે દરેક શું કામ કરે છે, તે કહો.

ઉ૦ મામલતદાર, ફોજદાર, મુનસફ. મામલતદાર–તાલુકાની ઉપજ વસુલ કરે છે તથા હલકા ગુનાનો ઇનસાફ કરે. ફોજદાર–ખુન, ધાડ, મારામારી, ચોરી વિગેરેનો બંદોબસ્ત રાખે. મુનસફ–લેણદેણનાં દીવાની કામો ચુકવે.

પ્ર૦ ખેડા જીલ્લાની ચારે તરફની હદ કહો.

ઉ૦ ઉતરે–અમદાવાદ જીલ્લો, ગાયકવાડનો મુલક અને બાડાસીનોરનું નાનું રાજ્ય, પૂર્વે–મહીનદી, પંચમાહાલ જી-

લ્લો અને ગાયકવાડનો મુલક.

પશ્ચિમે-ખંભાતનું સંસ્થાન તથા અમદાવાદ જીલ્લો

દક્ષિણે-મહીનદી, પંચમહાલ જીલ્લો, ગાયકવાડનો મુલક તથા ભરૂચ જીલ્લો છે

પ્ર૦ ખેડાજીલ્લામાં કઇ કઇ નદીઓ આવેલી છે

ઉ૦ મહી, શેઢી, વાત્રક, મેશ્વો, મહોર ખારી, વરાંસી, લુણી અને ગળતી.

પ્ર૦ એ દરેક નદીઓ ક્યાંથી નીકળી કયા કયા તાલુકામાં વહી અને કોને મળે છે અને તેના ઉપરનાં મોટાં ગામ કહો?

ઉ૦ મહી-માળવાના ડુંગરમાંથી નીકળી ઠાસરા, આણંદ, બોરસદ એ તાલુકામાં વહી ખંભાતના અખાતને મળે છે. એના ઉપરનાં ગામ-જનોડ, વનોડા, સોનીપુર, પાલી, ખાખરીઆ, રાણીઆ, જેસાપુરા, સંદલપુર, સીલી, પરતાપપુર ખાનપુર, ખેરડા, વહેરાખાડી, વાસદ, કહાનવાડી, ઉમેટા, સંખીઆડ, ગાજણા, દહેવાણ, ખંભાત. શેઢી-માળવાના ડુંગરમાંથી નીકળી ઠાસરા, નડીઆદ, મેહેમદાવાદ તાલુકામાં વહી ખેડા આગળ વાત્રકને મળે છે એના ઉપરનાં ગામ-ડાકોર હીરંજ, સોડપુર, વીણા,

હાથજ, બીલોદરા, ખેડા.

વાત્રક—ડુંગરપુર પાસેથી નીકળી કપડવણુજ, મહેમદાવાદ, માતર વગેરે તાલુકાગાં વહી પાલા આગળ સાબરમતીને મળે છે. એના ઉપરનાં ગામ—અપરૂજી, રવદાવત, કાકરખાડ, સરખેજ, રતનપુર, હળદરવાસ, ઘોડાસર, આંકવા મોદજં, સરસવણી, ખેડા, વાસણા, ખુજર્ડ, કોશીઅલ, મહેળજ, વારસંગ, પાલા.

મેશ્વો—અમદાવાદ જીલ્લામાંથી નીકળી મેમદાવાદ તાલુકામાં વહી વાત્રકને મળે છે. એના ઉપર કનીજ, સાંખેજ, મલાતજ, સમાદ્રા.

મોહોર—કપડવણુજ તાલુકામાંથી નીકળી. કપડવણુજ તથા નડીઆદ તાલુકામાં વહી શેઢીને મળે છે એના ઉપરનાં ગામ—કપડવણુજ, ભાટેરા, કઠલાલ, ખડોલનાની, તોરણીઆ, સારતાપુર.

ખારી—એ અમદાવાદ જીલ્લામાંથી નીકળી મેહેમદાવાદ તથા માતર તાલુકામાં વહી સાબરમતીને મળે છે એના ઉપર—નવા ગામ, નાયકા

વરાંસી—કપડવણુજ આગળ મોહોરને મળે છે

લુણી—અરજનકોટ આગળ શેઢીને મળે છે.

ગળતી-શેઢીને મળે છે.

૦ ખેડા જીલ્લામાં કયાં પ્રખ્યાત ગામો છે અને તે શાથી તે કહો?

૦ કપડવણજ-એમાં કાચ અને સાબુ થાય છે.

લસુંદ્રા-એમાં ઉના પાણીના કુંડ છે.

ડાકોર-રણછોડજીનું મોટું મંદીર તથા ગોમતી નામે તળાવછે એમાં દરેક પુનમે લોક જાત્રા કરવા જાયછે

વડતાલ-એમાં સ્વામીનારાયણનું મંદીર છે અને એમાં ચૈતર સુદ ૯ એટલે રામનવમીએ લોકો જાત્રાએ જાયછે.

મહેમદાવાદ—એમાં ભમરીઓ કૂવો છે એમાં અગાઊ બારુતો બનતો. એ પરગણામાં પારીજાતકનાં ફુલ થાય છે.

માતર-એમાં શ્રાવક લોકના સાચાદેવનું મંદિર છે. એ પ્રગણામાં કસુંબી થાય છે.

દેથલી-બળીઆકાકાનું સ્થાનક છે.

લાંભવેલ-માં લાંભવેલા હનુમાન છે.

ઓડ-ના કુવા ઘણા ઉંડા છે

બાળજમાં ઘણી જુની વાવ છે. અને તે સિધરાજની

બંધાવેલી કહેવાય છે.

પીપળાવ—એમાં આશાપુરી માતા છે

પામોલ—માં ફુલબાઇ માતા છે.

પાલ્લા—અહીં સાત નદીનું પાણી એકઠું થાય છે, તથા કારતકી પુનમે મેળો ભરાય છે.

પ્ર૦ ખેડા જીલ્લામાં અમદાવાદથી મુંબઇ જતાં આવેલાં સ્ટેસનો કહો

ઉ૦ મહેમદાવાદ, નંડીઆદ, ખોરીઆવી, આણુંદ, નાવલી, વાસદ

પ્ર૦ ખેડા જીલ્લામાં આણુંદથી પાલી સુધી જતાં આવેલાં સ્ટેશનો કહો?

ઉ૦ આણુંદ, ભાળજ, ઉમરેઠ, ડાકોર, ઠાસરા, પાલી.

પ્ર૦ નડીઆદથી કપડવણજ સુધીની કાચી સડક ઉપરનાં ગામ કહો.

ઉ૦ નડિઆદ, બીલોદરા, વીણા, મહુધા, વડથલ, ભાનેર, કઠલાલ, દાસલવાડા, કપડવણજ.

પ્ર૦ કપડવણથી ડાકોરસુધીની કાચી સડક ઉપરનાંગામ કહો

ઉ૦ કપડવણજ, સાવલી, ચેતરસુંબા, ડાકોર

પ્ર૦ ખેડાથી મેહેમદાવાદ સુધીની કાચી સડકઉપરનાંગામકહો

ઉ૦ ખેડા, છાપરા, મેમદાવાદ

પ્ર૦ નડીઆદથી ખેડા સુધીની કાચી સડક ઉપરનાં ગામકહો

ઉ૦ નડીઆદ, ડભાણ, રાંધાણા, વણુસર, રતનપુર, ખેડા

પ્ર૦ નડીઆદથી માતરસુધીની કાચી સડક ઉપરનાંગામ કહો

ઉ૦ નડીઆદ, ડભાણ, રાંધાણા, ગાતર

પ્ર૦ માતરથી ધોલકા સુધીની કાચી સડક ઉપરનાંગામકહો

ઉ૦ માતર, વાસણા ખુજગ, ચાંદણા, રકુ, ધોલકા

પ્ર૦ બોરસદથી વાસદ સુધીની કાચાં સડક ઉપરનાં ગામકહો

ઉ૦ બોરસદ, દાવોલ, આસોદર, વાસદ

પ્ર૦ ખેડા જીલ્લામાં કયા કયા કસ્બાઓ આવેલા છે ?

ઉ૦ નડીઆદ, અલીણા, મહુધા, ઠાસરા, કપડવણજ, માતર, મહેમદાવાદ, આણંદ, બોરસદ, ઊમરેઠ,

પ્ર૦ ખેડાજીલ્લામાં કેટલા તાલુકા છે તેનાં નામ કહો.

ઉ૦ સાત છે, કપડવણજ, ઠાસરા, નડિઆદ, મેહેમદાવાદ, માતર, આણંદ, બોરસદ

પ્ર૦ કપડવણજ તાલુકાનાં ગામ તથા તેની નદીઓ કહો

ઉ૦ કપડવણજ, તોરણા, છીપડી, પીઠાઇ, કઠલાલ, બાટેરા, આનારા, લસુંદ્રા, રવદાવત, અપરૂજી, ખદરપુર, મીરજા-પુર, સરખેજ, કાકરખાડ, રતનપુર, છીપીઆલ, સાઠા-

પુર, કઠાણા, દઈઅપ, ફાગવેલ, અંતેસર, નવાગામ, આંતરોલી, દાસલવાડા, આમલીઆરા, સાલોર, નદીઓ વાત્રક, મોહોર, વરાંસી.

પ્ર૭ ઠાસરા તાલુકાનાં ગામ અને તેમાં કઈ કઈ નદીઓ આવેલી છે?

ઉ૦ ઠાસરા, રસુલપુર, ડાકોર, જનોડ, પડાળ, કાલસર, વાડદ, પાલીઆ, ઢુંધાડીપાડીઆ, સાંઢેલી, સણાદ્રા, પીપલવાડા, આગરવા, દુણાદ્રા, રાણીઆ, વસો, પાલી, સોનૈયા, સોનીપુર, વનોડા, રૈજવા, ખાખરીઆ, વાંધરોળી, ચેતરસુંબા, સેવાળીઆ, ખોરડી, મોરઆમલી, સુઇ, વણોતી, સીમળજ, જેસાપુર, માલવણ, નદીઓ મહી, શેઢી, ગળતી.

પ્ર૦ નડિઆદ તાલુકાનાં ગામ અને તેમાં કઈ કઇ નદીઓ આવેલી છે ?

ઉ૦ નડીઆદ, અલીણા, ચુણેલ, મોહોલેલ, ઉતરસંડા, ચકલાસી, નરસંડા, ડભાણ, વડતાલ, મહુધા, વડથલ, બામનેર, ખંધોડી, ભૂમસ, હજાતીઆ, સીંખાલી, ખુટજ, મુળજ, અરેરા, દેગામ, દાવડા, બામણોલી, પીપલાતા, મિત્રાલ, આખડોલ, ફેરીઆવી, મહમદપુરા, ફીંજરી,

ફતેપુર, સલુંણ, કંજોડા, સુરાસામળ, અલીંદ્રા, માંગરોળી, હીરંજ, સોડપૂર, સણુાલો વીણા, હાથજ, તોરણીઆ, ખડોલનાની, સાસ્તાપુર, ઘોઘાવાડા, નદીઓ—શેઢી, મહોર, લુંગી.

પ્ર૦ મહેમદાવાદ તાલુકાનાં ગામ અને તેમાં કઇ કઇ નદીઓ આવેલી છે?

ઉ૦ મહેમદાવાદ, ખેડા, સીહુજ, કનીજ, મહીજ સરસવણી, રૂદણ, અકલાચા, વાંઠવાળી, વણસોલસુડા, વણસોળા, વણસોલદેવડી, ગોકાજ, કાચ્છઈ, છાપરા, પરસાતજ, સમાદ્રા, સાંખેજ, મલાતજ, વાસણા મારગીઆ, બીડજ, લાલી, રોહીસા, મોદજ, ઘોડાસર, હળદરવાસ, વણસોલી, કેસરા, સણસોલી, ખાત્રજ, ગાંકવા, રીછોલ, નદીઓ—વાત્રક, શેઢી, મેશ્વો, ખારી

પ્ર૦ માતર તાલુકાનાં ગામ અને તેમાં કઈ કઈ નદીઓ આ- આવેલી છે.

ઉ૦ માતર, રઢુ, લીંબાસી, ત્રાજ. સોખડા, રતનપુર, સંધાણા, રઢવાણજ, ઊઢેલા, ખડીઆલાપુરા, અલીંદ્રા, સીહોલડી, મલીઆતજ, લવાલ, ખાંધલી, આછીઅલ, ત્રાણજા, દેથલી, બલાડા, સીંજીવાડા, પરીએજ, બામ-

ણુગામ, મોરજ, ખાનપુર, આશામલી, પાલ્ળા, વારસંગ, મહેળજ, કોશીઅલ, વાસણાબુજર્ગ, હરીઆલ, કાછી-પુરા, ગોબળજ, કનેરા, નવાગામ, ધરોડા, ચીત્રાસર, નાયકા,' કલોલી, દેવાતજ, નદીઓ–વાત્રક સાબરમતી

પ્ર૦ આણુંદ તાલૂકાનાં ગામ અને તેમાં કઈ કઈ નદીઓ આવેલી છે.

ઉ૦ આણુંદ, નાપાડ, કરમસદ, ઓડ, સારસા, બોરીઆવી, સામુરખા, ચીખોદરા, થામણા, સુદલપુર, વાસદ, અ-ડાસ, વડોદ, નાવલી, ગાના, સંદેસર, વલાસણા, લાં-ભવેલ, અજરપુરા, વણુસોલ, પણુસોરા, ઉમરેઠ, હમી-દપુરા, સુરેલી, સીલી, પરતાપપુર, ખાનપુર, ખેરડા, વેહેરાખાડી, રાજાપુરા, ભોજકુવા, મોગર, બેડવા, રાસ-નોલ, કુંજરાય, તરણોલ, ગામડી, કાસર, બાળજ, આસીપુરા, લીંગડા, ખંભોળજ, બરોડા, નદીઓ. મહી

પ્ર૦ બોરસદ તાલૂકાનાં ગામ અને તેમાં કઈ કઇ નદીઓ આવેલી છે.

ઉ૦ બોરસદ, આંકલાવ, બેટાસી, વીરસદ, અલારસા, રાસ, દાવોલ. દેહેવાણ, સુણાવ, પીપળાવ, પાળજ, ઈશાળ, ભવાનીપુરા, આમોદ, પંડોળી, ખડાણા, દંતેલી, વડદલા,

બામણવા, ખટનાલ, રાળજ, જંત્રાલ, બનેજડા, કઠાણા, કંનકાપૂર, દીવેલ, ગાજણા, સંખીઆડ,ઉમેટા, આશરમા, કહાનવાડી, અંબાલી, કંથારીઆ, મોજકુવા, બોદાલ, બેચ્યાસણ, ડબાસી, વહેરા, દેદરડા, આસી, ઘોળાકુવા, નાહાપા, સીંગળાવ, પામોલ, ખેડાસા, વાછી- [illegible] અલીન્દ્રપૂર [illegible]સોર, ટરસાલ, ખોરડા. નદી—મહી.

[illegible] નું વર્ણન કરો?

[illegible] ગાયકવાડનું રાજ્ય; પૂર્વે વાડાશીનોર, [illegible] થોડોક ભાગ; પશ્ચિમે અમદાવાદ જીલ્લો, [illegible] જીલ્લા અને મેહેમદાવાદ તાલુકો; દક્ષિણે મહેમદાવાદ, નડીઆદ અને ઠાસરા તાલુકો.

ઠાસરા તાલુકાની ઉતરે કપડવણજ તાલુકો અને વાડાશીનોર; પૂર્વે ગાયકવાડનું રાજ્ય ને મહી નદી; પશ્ચિમે નડીઆદ તાલુકો; દક્ષિણે આણંદ તાલુકો અને મહી નદી

નડીઆદ તાલુકાની ઉતરે કપડવણજ તાલુકો દક્ષિણે ગાયકવાડનું રાજ્ય, બોરસદ, આણંદ તાલુકો. પુર્વે ઠાસરા તાલુકો પશ્ચિમે મહેમદાવાદ તાલુકો તથા માતર તાલુકો.

મેહમદાવાદ તાલુકો એના ઉતરે અમદાવાદ જીલ્લો, ગાયકવાડનો મુલક ને થોડોક કપડવણજ તાલુકો; પશ્ચિમે

માતર તાલુકાનો થોડો ભાગ ને અમદાવાદ જીલ્લો; દ- ક્ષિણે માતર તાલૂકો ને નડીઆદ તાલુકાનો થોડોક ભા- ગ; પૂર્વે નડીયાદ તાલુકો.

માતર તાલુકાની ઉતરે અમદાવાદ જી લો અને મેહેમ- દાવાદ તાલુકો; પૂર્વે ગાયકવાડનું રાજ્ય અને નડીઆદ તાલૂકો; પશ્ચિમે અમદાવાદ જીલ્લો, સાબરમતી નદી અને ખંભાતનું રાજ્ય; દક્ષિણે ખંભાતનું તથા ગાયકવા- ડનું રાજ્ય;

આણંદ તાલૂકાની ઉતરે ઠાસરા તાલુકો અને નડીઆદ તાલુકો; પૂર્વે મહી નદી ને ગાયકવાડનું રાજ્ય. પશ્ચિમે નડીઆદ તાલૂકો તથા બોરસદ તાલુકાનો થોડોક ભાગ અને ગાયકવાડનું રાજ્ય; દક્ષિણે બોરસદ તાલૂકો.

બોરસદ તાલુકાની ઉતરે આણંદ તાલૂકો ગાયકવાડનું રા- જ્ય, પૂર્વે મહી નદી, ગાયકવાડનું રાજ્ય; પશ્ચિમે ગાય- કવાડનું રાજ્ય, ખંભાતનો અખાત; દક્ષિણે મહી નદી અને ભરૂચ જીલ્લો.

